## સંક્ષિપ્ત સમાચાર

### હાંસોટમાં કાર રિપેરિંગ શો-રૂમમાં આગ, 3 કાર બળીને ખાખ



સુરેશ ગાંધી

અંકલેશ્વર: હાંસોટમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીની નજીક આવેલ બોસ કંપનીના કાર રિપેરિંગ શો-રૂમમાં અચાનક આગ લાગી હતી. આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી પ્રાપ્ત નથી.

### વ્યારામાં સ્મોક હબમાં એક્સપાયરી ડેટનું આઇસક્રીમ પકડાવી દેવાયું

વ્યારા: વ્યારાના ખટાર ફળિયા વિસ્તારમાં આવેલ સ્મોક હબ નામની એક દુકાનમાં ગ્રાહકોને એક્સપાયરી ડેટ વાળો ખાદ્યસામાન વેચાતો હોવાનો કથિત વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં આઇસક્રીમનું પેકિંગ બે મહિના પહેલાં 2025માં એક્સપાયરી થયેલું હતું. ગ્રાહકે આઈસક્રીમના પેકેટ પરની તારીખ જોઈ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જેને લઇને વ્યારા નગરમાં ચર્ચાનો વિષય બન્યો હતો અને લોકોનાં આરોગ્ય સાથે ખીલવાડ કરતા આવા વેપારીઓ અને દુકાનધારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

### કંથારિયામાં વૃદ્ધનું અકસ્માત મોત

ભરૂચ: ભરૂચના ધોબી તળાવ વિસ્તારમાં રહેતા 70 વર્ષીય વૃદ્ધ અબ્દુલ કાદર શેખ બુધવારે રાત્રિના આશરે 1 વાગ્યાના સમયે કંથારિયા ગામની મસ્જિદ પાસેથી જંબુસર તરફ જતા રોડ પર દારૂલ ઉલુમ નજીકથી પસાર થતા હતા. એ વેળા એક અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને માથા, બંને હાથ અને ડાબા પગમાં ગંભીર ફ્રેક્ચર જેવી ઇજા થઈ હતી. આથી વૃદ્ધને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

### દહેજ GIDCમાં ટ્રેલર પાછળ અથડાતાં બાઈક સવારનું મોત

ભરૂચ: દહેજ GIDC ખાતે આવેલી એશિયન પેઇન્ટ કંપની સામેના રોડ પર ટ્રેલર નં.(GJ-01-HT-2639)ને કંપનીના મટિરિયલ ગેટની બહાર જાહેર રોડ ઉપર અડચણરૂપ રીતે પાર્ક કરાયું હતું. દરમિયાન વડદલા ગામ તરફથી હોન્ડા મોટરસાઇકલ નં.(RJ-30-SY-0712) ઉપર બે યુવક આવી રહ્યા હતા. વળાંક લેવા જતાં, તેમનું બાઇક રોડ ઉપર પાર્ક કરેલા ટ્રેલરના આગળના ભાગે ટાયર અને બમ્પ વચ્ચે અથડાઈ ગયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં બાઇકચાલક મનોજકુમાર રામશંકર ભારતી (ઉં.વ.23) મૂળ પ્રયાગરાજનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. તો બાઈક પર પાછળ બેઠેલા મુકેશકુમાર યાદવને પણ માથા અને મોંમાં ગંભીર ઈજાઓ થઈ હતી.

### અંભેટામાં પાણી મુદ્દે બે ખેડૂત બાખડ્યા

સાયણ: ઓલપાડના અંભેટા ગામની પ્રા.શા.ની સામે કમલેશ ઈશ્વરભાઈ પટેલ (ઉં.વ.૫૧) પરિવાર સાથે રહી ખેતી કરે છે. તેમણે ગામની સીમમાં પોતાના ખેતરમાં ડાંગરનું વાવેતર કર્યું છે. ગત મંગળવારે પોતાના ડાંગરના ખેતરમાં નહેરમાંથી સિંચાઈનું પાણી ચાલી રહ્યું હોવાથી તેઓ સાંજે ૫:૩૦ કલાકે ખેતર ગયા હતા. એ સમયે અંભેટામાં ગણોતની જમીન ખેડતા ચોર્યાસીના ભેંસાણ ગામે સડક ફળિયામાં રહી ખેતી સાથે સુરત મહાનગરપાલિકામાં નોકરી કરતા ખેડૂત ભદ્રેશ રમેશભાઇ પટેલ (ઉં.વ.૪૦)એ તેના ખેતરમાં ચાલતું પાણી બંધ કરી દીધું હતું અને પોતાના ગણોતના ખેતરમાં ચાલુ કરી દીધું હતું. આથી કમલેશ પટેલે કહ્યું હતું કે, ભદ્રેશ મારું બે કલાકમાં પાણી પતી જશે, પછી તું બધું પાણી વાળી લેજે. તેમ છતાં ભદ્રેશ તેનું ચાલતું પાણી બંધ કરી ઉશ્કેરાઇ ગયો હતો અને કમલેશભાઈને ગાળો બોલી ચહેરા ઉપર ઢીકમુક્કીનો માર માર્યો હતો. જેથી તેને આંખ નીચે સોજો આવી ગયો હતો. એટલું જ નહીં પણ આ ઈસમે તેનું ગળું દબાવી ધમકી આપી હતી કે, જો હવે પછી પાણી બાબતે બોલશે તો તને હું જાનથી મારી નાંખીશ, તેમ કહી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જેથી કમલેશ પટેલે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લીધા બાદ ભદ્રેશ પટેલ વિરુદ્ધ ઓલપાડ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. તો સામા પક્ષે ભદ્રેશ રમેશભાઈ પટેલે પણ ઓલપાડ પોલીસ મથકમાં કમલેશ ઈશ્વરભાઈ પટેલ વિરુદ્ધ સામી ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્આયું હતું કે, આરોપીએ સિંચાઈના પાણી મામલે મારી સાથે ગાળાગાળી અને ઝપાઝપી કરી ચપ્પલ અને લાકડીથી ફટકારતાં ડાબા ખભા ઉપર મૂઢ ઇજા થઈ છે. ઉપરાંત તેણે મને જાનથી મારી નાંખવાની ધમકી આપી કહ્યું હતું કે, તું અહીં જ થોભજે. હું તને બતાવું છું. જેના પગલે પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## વાલિયામાં લોખંડની પાઈપ વડે શ્રમિક યુવકની હત્યા

**આરોપીએ** ઘટના સ્થળે એકત્ર થયેલા લોકોને કહ્યું: કોઈને જાણ કરશો તો પતાવી દઈશ

**હત્યા** બાદ પડેલા લોહી પર ધૂળ નાંખી પુરાવા નાશ કરવાનો પ્રયાસ

ભરૂચ: વાલિયામાં એક ચા-નાસ્તાના ગલ્લા પાસે મામૂલી બોલાચાલી બાદ ઉત્તર ગુજરાતનો એક શખ્સે પોતાની સાથે લાવેલી વજનદાર લોખંડની પાઈપ વડે એક યુવક પર હુમલો કરતાં તેનું મોત થયું ગતું. મૃતકની બહેન ઉષાબેન અશ્વિનભાઈ વસાવાએ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું કે, તેણીના ભાઈ નિલેશભાઈ જયંતીભાઈ વસાવા (ઉં.વ.35) વાલિયાના ગોદરેજ ગેટની સામે ચા-નાસ્તાની અલગ અલગ ગલ્લા પર છૂટક મજૂરીકામ કરતો હતો. તા.3/3/2026ના રોજ બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં મોહમંદ આરીફ દાઉદખાન પઠાણ (રહે.,કસબા જુમ્મા મસ્જિદની બાજુમાં, વડનગર, જિ. મહેસાણા) સાથે કોઈ બાબતે બોલાચાલી થતાં આરોપીએ માથા અને ગળા પર ઉપરાઉપરી પ્રહારો કર્યા હતા.

હુમલા બાદ આરોપીએ ઘટના સ્થળે એકત્ર થયેલા લોકોને કહ્યું કે, આ બાબતે કોઈને જાણ કરતા નહીં અને જાણ કરશો તો હું તમને પણ પતાવી દઈશ. તેમજ લોહી પડ્યું હોવાથી તેણે ધૂળ નાંખીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા નિલેશભાઈને 108 એમ્બ્યુલન્સમાં વાલિયા બાદ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે, સારવાર દરમિયાન ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# અંકલેશ્વરમાં તળાવમાં લાલ રંગનું ફીણવાળું પાણી વહેતું થયું

**લોકો** નહેરોમાં રંગ સાથે સ્નાન કરતા હોવાથી પાણી ભળ્યાનો તંત્રનો બચાવ




પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: ઔદ્યોગિક પ્રદૂષણના મુદ્દે વારંવાર ચર્ચામાં રહેલા અંકલેશ્વરમાં હવે શહેર વિસ્તારમાં પણ પ્રદૂષણ જેવી ઘટના સામે આવતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. શહેરના સ્વર્ણિમ લેકવ્યુ પાર્ક ખાતે આવેલા ગામ તળાવમાં અચાનક લાલ રંગનું ફીણવાળું પાણી જોવા મળતા આસપાસના રહેવાસીઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ તળાવના પાણીનો રંગ સામાન્ય કરતાં અલગ લાલાશયુક્ત જોવા મળ્યો હતો તેમજ પાણીની સપાટી પર ફીણ પણ દેખાતું હતું. આ દૃશ્યને પગલે તળાવમાં કોઈ કેમિકલ અથવા પ્રદૂષિત પાણી છોડાયું હોવાની આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી હતી. ઘટનાની જાણ થતાં જ નગરપાલિકાના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી સ્થિતિની તપાસ હાથ ધરી હતી. આ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવ ક્લોડિયાએ જણાવ્યું હતું કે, ધુળેટી પર્વ દરમિયાન લોકો નહેરોમાં રંગ સાથે સ્નાન કરતા હોય છે. જેના કારણે રંગીન પાણી વહેતું આવી તળાવમાં ભળ્યું હોવાની સંભાવના છે. તેમ છતાં સમગ્ર ઘટનાની તપાસ માટે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. તળાવમાં વધુ પ્રમાણમાં રંગીન પાણી ભળી ન જાય એ માટે તકેદારીરૂપે તળાવમાં આવતો ઈનલેટ વાલ્વ તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા જણાવાયું હતું કે, આ પગલું તળાવના પાણીની ગુણવત્તા જળવાઈ રહે એ માટે લેવામાં આવ્યું છે. નગરપાલિકાના અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે હાલ તળાવના પાણી અંગે કોઈ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ નથી અને સ્થિતિ નિયંત્રણમાં છે. તેમ છતાં સ્થાનિકો દ્વારા તળાવના પાણીના નમૂનાઓની વૈજ્ઞાનિક તપાસ કરાવી હકીકત બહાર લાવવાની માંગ પણ ઊઠી રહી છે.

## ભરૂચમાં સ્પા સેન્ટરની આડમાં ચાલી રહેલું કુટણખાનું ઝડપાયું

**ત્રણ** યુવતીને મુક્ત કરાવાઈ, પાંચ સામે ગુનો નોંધાયો



ભરૂચ: ભરૂચ શહેરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા એક સ્પા સેન્ટર પર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે દરોડો પાડી ત્રણ યુવતીને મુક્ત કરાવી હતી. પોલીસે આ સ્પા સેન્ટરના સંચાલન સાથે સંકળાયેલા પાંચ લોકો સામે ગુનો નોંધ્યો હતો.

ભરૂચની AHTU ટીમને બાતમી મળી હતી કે, શહેર સ્ટેશન રોડ ખાતે સુપર માર્કેટ પાછળ આંબેડકર શોપિંગમાં પ્રથમ માળે આવેલ દુકાન-8,9માં આવેલા પીપી થાઈ સ્પા સેન્ટર મસાજની આડમાં કુટણખાનું ચલાવવામાં આવે છે.

જેને લઈ ડમી ગ્રાહક મોકલી રેઈડ કરતાં ખરેખર દેહવ્યાપાર ચાલતો હોવાનું બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન સ્પાના રૂમમાંથી એક યુવતી અને ગ્રાહક કઢંગી સ્થિતિમાં મળી આવ્યાં હતાં.

પોલીસે આ દરોડા દરમિયાન ત્રણ યુવતીને અનૈતિક વ્યવસાયના ચુંગાલમાંથી મુક્ત કરાવવામાં આવી છે. આ સ્પાના વ્યવસાયમાં સંકળાયેલા મેનેજર તનવીર મનાન શેખ (ઉં.વ.23) (હાલ રહે.,મુસ્કાન પાર્ક, નંદેલાવ, તા.જિ.ભરૂચ) અને અંકલેશ્વર સિગ્નેચર કોમ્પ્લેક્સના પી.પી. થાઈ સ્પામાંથી મહિલાઓને ભરૂચ સ્પામાં લાવવાનું કામ કરનાર સમીર અહમદ ફઝલુર રહેમાન (ઉં.વ.18) (હાલ રહે.,રૂમ-201, છઠ્ઠો માળ, સાંઈ ગોલ્ડન સોસાયટી, મહાવીર ટર્નિંગ પાસે, મૂળ બંને રહે.,ઉત્તરપ્રદેશ તથા મીરા રોડ, હાટકેશ મકાન નં-1101, ગૌરવ એક્સેલેન્સી બિલ્ડિંગ, નવી મુંબઈ)ની ધરપકડ થઈ હતી. જ્યારે સ્પાનો મુખ્ય સંચાલક અફરોઝ મનાન શેખ, તેની દીકરી સીમા ઉર્ફે શના શેખ (બંને રહે.,મુસ્કાન પાર્ક, નંદેલાવ) અને દુકાન માલિકને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ત્રણ મોબાઈલ કિં. રૂ.70 હજાર અને રૂ.3700 રોકડા મળી રૂ.73,700નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ભરૂચ એ ડિવિઝનમાં પાંચ શખ્સ વિરુદ્ધ અનૈતિક વેપાર અધિનિયમ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરમાં કાર ચાલકે 4 વાહનને અડફેટે લીધાં



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર ઓ.એન.જી.સી. કોલોની વિસ્તારમાં ઈન્દ્રકુમાર લુહાર નામના કારચાલકે પહેલા એક રાહદારીને અડફેટે લીધો હતો. બાદ કાર ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. કોલોનીથી કોસમડી સુધી જતા રસ્તામાં તેણે વધુ ચાર વાહનોને ટક્કર મારી હતી. આ ઘટનાને કારણે વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ કાર ચાલકને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે કાર ચાલક નશાની હાલતમાં હતો.



## ભરૂચની જામા મસ્જિદમાં હિન્દુ મહિલાઓએ પૂજા કરતાં વિવાદ

**સ્થાનિક** મુસ્લિમ સમાજમાં તીવ્ર નારાજગી

ભરૂચ: ભરૂચ શહેરમાં આવેલી જામા મસ્જિદને લઈને એક નવો વિવાદ સામે આવ્યો છે. અહીં કેટલીક મહિલાઓએ કથિત રીતે હિંદુ પૂજા કર્યાનો વિડીયો વાયરલ થયા બાદ મુસ્લિમ સમાજે વિરોધ નોંધાવ્યો છે. આ મસ્જિદ પર અગાઉ પણ ઘણા વખતથી વિવાદ ચાલી રહ્યો છે.

વાયરલ વિડીયોમાં કેટલીક મહિલાઓ જામા મસ્જિદના આંગણામાં ફૂલોના હાર અને શ્રીફળ (નારિયેળ) મૂકીને હિંદુ રીતિરિવાજ પ્રમાણે પૂજા કરતી જોવા મળે છે. આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે આ ઘટના પોલીસની હાજરીમાં બની હતી, જેના કારણે સ્થાનિક મુસ્લિમ સમાજમાં તીવ્ર નારાજગી છે. તેઓએ આ મામલે વિરોધ પણ નોંધાવ્યો છે. આ મસ્જિદ શ્રીફળ વિહાર જૈન મંદિર હોવાનો દાવો કરાયો છે. આ જગ્યા શ્રી ચક્રધારી સ્વામીનું જન્મસ્થળ હોવાનો પણ દાવો કરાયો છે. જામા મસ્જિદ હાલમાં પુરાતત્ત્વ વિભાગ હસ્તક છે. સંતોએ આ જગ્યા માટે ઉપવાસ આંદોલન પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ભરૂચની આ જામા મસ્જિદ અત્યારે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) હસ્તક છે. મુસ્લિમ આગેવાનોએ જણાવ્યું કે આ સ્થળ ઈસ્લામિક ધાર્મિક પરંપરાઓ મુજબ સંચાલિત થાય છે, તેથી અન્ય ધાર્મિક ક્રિયાઓ યોગ્ય નથી. વિડીયો વાયરલ થતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

## અરેઠમાં લારી સંચાલકનો યુવક પર લાકડી વડે હુમલો

માંડવી: અરેઠ ગામના બજાર ફળિયામાં રહેતા યશ સંજયકુમાર મોદી (ઉ.વ. 29) ધુળેટીના દિવસે પોતાના મિત્ર પાર્થ સુભાષભાઈ સોલંકી સાથે વરેલી ગામે તાપી નદીના કિનારે ફરવા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે રાત્રે આશરે 8:15 વાગ્યે અરેઠ ગામના નવા ફળિયા વિસ્તારમાં તેમની મોટરસાઈકલમાં પેટ્રોલ પૂરું થઈ જતાં તેઓ લાલસિંગભાઈ ગુમાનભાઈ ચૌધરીની ચાની લારી સામે ઊભા રહી ફોન પર વાત કરી રહ્યા હતા.

તે દરમિયાન લારી સંચાલક લાલસિંગભાઈ ચૌધરીએ લારી સામે ઊભા રહેવા બાબતે યુવક સાથે બોલાચાલી કરી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ઉશ્કેરાઈ જઈ તેમણે યશ મોદીને ઢીકમુક્કીનો માર મારી નજીકમાં પડેલી લાકડી વડે માથા, પીઠ અને હાથના ભાગે માર માર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ ઘટનામાં યશ મોદી ઈજાગ્રસ્ત થતાં તેમના મિત્ર પાર્થ સોલંકીએ વચ્ચે પડી તેમને વધુ મારથી બચાવ્યા હતા. આરોપીએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે માંડવી પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભરૂચમાં 11 વર્ષની બાળાની છેડતી કરનાર એકની ધરપકડ

ભરૂચ: ભરૂચના સી ડિવિઝન વિસ્તારમાં ૧૧ વર્ષની બાળા સાથે છેડતી થઈ હતી. રાત્રે ઘરમાં ઘૂસી અડપલાં કરનાર પાડોશી પીયૂષ પરમારની પોલીસે પોક્સો હેઠળ ધરપકડ કરી છે. બાળકીની બૂમો સાંભળી માતા-પિતા જાગી જતાં આરોપી ભાગ્યો હતો, પરંતુ પોલીસે ગણતરીના કલાકોમાં તેને ઝડપી કોર્ટમાં રજૂ કરી ૬ માર્ચ સુધીનાં રિમાન્ડ મેળવ્યાં છે. આ કૃત્યથી સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને ફાંસીની સજાની માંગ કરી છે.

### ગડખોલમાં વાહન અડફેટે યુવાન ઘાયલ

અંકલેશ્વર: ગડખોલના જનતા નગર પાસે ગત ૩ માર્ચે જીજે-૧૬-ડીએચ-૪૭૦૩ નંબરની બાઈકના ચાલકે ગફલતભરી રીતે હંકારી મોબાઈલ કંપનીના સેલ્સમેન પ્રશાંતભાઈની સાઈકલને અડફેટે લેતાં તેમને માથામાં હેમરેજ થતાં હાલ સારવાર હેઠળ છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૦૨/૨૦૨૬

તા.૧૩/૦૯/૨૦૨૬

વાદી :- આહિર પુષ્પાબહેન તે ધનાભાઈની પુત્રી અને છીતુભાઈ આહિરની પત્ની, રહે.તરીયા, નિશાળ ફળિયું, તા.અંકલેશ્વર, જી.ભરૂચ-૩૯૩૦૦૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાનીનરોલી ગૃપ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત - ૩૯૪૧૧૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી આહિર પુષ્પાબહેન તે ધનાભાઈની પુત્રી અને છીતુભાઈ આહિરની પત્ની, રહે.તરીયા, નિશાળ ફળિયું, તા.અંકલેશ્વર, જી.ભરૂચ- ૩૯૩૦૦૧એ તેઓના પોતે પુષ્પાબહેન ધનાભાઈ આહિરનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: પુષ્પાબહેન ધનાભાઈ આહિર ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૫૯ ૩. જન્મનું સ્થળ: મોજે.નાનીનરોલી, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે પુષ્પાબહેન ધનાભાઈ આહિરના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જી.સુરત

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણામાં અદાવત રાખી બે કારને આગચંપી



ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના મેઘા પ્લાઝામાં રહેતા રવિશંકર કમલાપ્રસાદ યાદવ (ઉં.વ.35) નામના ટ્રાન્સપોર્ટરે નોંધાવેલી ફરિયાદ મુજબ આ ઘટનાની શરૂઆત પાર્કિંગ બાબતે થયેલી તકરારથી થઈ હતી. ગત 3 માર્ચે રાત્રે રવિશંકર અને તેમનો મિત્ર સંજય મિશ્રા ગાડી પાર્ક કરી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા ઈસમ સાથે બોલાચાલી થઈ હતી. બાદ આરોપીઓ ચંદન યાદવ, રાહુલ યાદવ, અવનીશ અને લાલુ બલેશ્વરે આવીને ગાડીના કાચ તોડી નાંખ્યા હતા. પછી રાત્રે આરોપી ચંદન યાદવે રવિશંકરને ફોન પર ધમકી આપી હતી કે જો આ બાબતે કોઈને જાણ કરશો તો જાનથી મારી નાંખીશ. આ ધમકીના થોડા કલાકો બાદ વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે રવિશંકરની બ્રિઝા કાર નં.(GJ-19-BE-4703) અને તેની બાજુમાં પડેલી અન્ય એક સ્વિફ્ટ કાર પર જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ લગાડી દેવામાં આવી હતી. આગ એટલી વિકરાળ હતી કે કડોદરાથી ફાયર બ્રિગેડ બોલાવવી પડી હતી. આ આગમાં અંદાજે 7.50 લાખ રૂપિયાની મતા બળીને ખાખ થઈ ગઈ છે. પલસાણા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ નિરંજનાબેન ગામીતને તપાસ સોંપી છે.

### ડોલવણના કેલવાણમાં પુર્ણા નદીમાં ડૂબી જતાં વઘઈના યુવકનું મોત

વ્યારા: ડોલવણના કેલવણ ગામની સીમમાં પૂર્ણા નદીમાં ડૂબી જતાં વઘઇના યુવકનું મોત નીપજ્યું હતું. ગત તા.4-4-2025ના રોજ પીયૂષ ગણેશભાઈ (ઉં.વ.18) (રહે.,કાકરદા કરડી ફળિયું તા.વઘઈ, જિ.ડાંગ) પોતાના મિત્રો સાથે ડોલવણના કેલવલ ગામની સીમમાં પૂર્ણા નદીના પટમાં પુલ નીચે જમવાનું બનાવીને મોં ધોવા માટે પૂર્ણા નદીમાં ઊતર્યો હતો. દરમિયાન પીયૂષ નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. આ બનાવમાં પીયૂષના મૃતદેહને બહાર કાઢી વ્યારા રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ સહિતની કામગીરી પોલીસે કરી હતી.

### બાબેનમાં મોબાઈલ ટાવર મુદ્દે કારચાલકે લાકડી સાથે આતંક મચાવ્યો

બારડોલી: બારડોલીના લક્ઝરિયા એપાર્ટમેન્ટના સી-૨ વિંગમાં રહેતા અને સિક્યુરિટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા પ્રતાપસિંગ મોરીએ નોંધાવેલી ફરિયાદ મુજબ એપાર્ટમેન્ટમાં ટાવર નાંખવાની કામગીરીનો અન્ય વિંગના સભ્યો વિરોધ કરી રહ્યા હતા. આ દરમિયાન ગત ૧ માર્ચના રોજ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં કુનાલ દિલીપભાઈ પાટીલ કાર લઈ એપાર્ટમેન્ટમાં ધસી આવ્યો હતો. કુનાલે ગાડીમાંથી લાકડીનો ધોકો કાઢી બિલ્ડિંગના રહીશોને ગાળો આપી હતી અને લાકડી ફેરવી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. જ્યારે સોસાયટીના રહીશ સુરેશભાઈ ઢોલા તેને સમજાવવા ગયા, ત્યારે આરોપીએ તેમની સાથે ઝપાઝપી કરી ધક્કો મારી દીધો હતો. એટલું જ નહીં, આરોપીએ જતી વખતે રહીશોને 'બીજીવાર મળશો તો જાનથી મારી નાંખીશ' એવી ધમકી પણ આપી હતી. સાથે આરોપીએ સોસાયટીના ગેટ પાસે ગાડીના રાઉન્ડ મારી ગેટ સાથે ગાડી અથડાવી ધમાલ મચાવી હતી. બારડોલી ટાઉન પોલીસે આ મામલે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદરામાં ચપ્પુ અને 'થાર' સાથે બુટલેગર સહિત ત્રણ ઝડપાયા

પલસાણા : સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે કડોદરા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન જોળવાથી કડોદરા તરફ જતા રોડ પર અકળામુખી હનુમાનજી મંદિર પાસે શંકાસ્પદ હાલતમાં ઊભેલી એક નંબર પ્લેટ વગરની કાળા કલરની મહિન્દ્રા થાર કારમાંથી ત્રણ ઇસમને હથિયારો સાથે ઝડપી પાડ્યા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા આરોપીઓની ઓળખ ઈશ્વરભાઈ રમેશભાઈ વાંસફોડા, ઓમ પ્રકાશભાઈ વાંસફોડા અને વિકાશભાઈ સોમાભાઈ વાંસફોડા (તમામ રહે.,અંત્રોલી, તા.પલસાણા) તરીકે થઈ છે. આ ઇસમોની અંગજડતી લેતાં તેમની પાસેથી પ્લાસ્ટિકના કવરમાં સંતાડેલા ત્રણ ધારદાર ચપ્પુ મળી આવ્યાં હતાં. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.7 લાખની કિંમતની થાર કાર, ત્રણ મોબાઈલ ફોન, ત્રણ ચપ્પુ અને બે નંબર પ્લેટ સહિત કુલ રૂ.7,16,300નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારાની ચાંપાવાડી જિલ્લા પંચાયત સીટ હવે કાનપુરા સીટ તરીકે ઓળખાશે

વ્યારા: તાપી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષથી સ્ત્રી અનામત રહેતી બોરખડી અને કરંજવેલ જિલ્લા પંચાયત સીટ મામલે ચૂંટણી આયોગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. પનીયારી ગામના આગેવાન ગમનભાઈ ગામીત અને વિપક્ષી નેતા ડો.તુષાર ચૌધરીની રજૂઆત બાદ રાજ્ય ચૂંટણી આયોગે ૩ માર્ચ ૨૦૨૬ના રોજ સુધારા આદેશ જારી કર્યો છે. નવા આદેશ મુજબ, વર્ષોથી સ્ત્રી અનામત રહેલી બોરખડી અને કરંજવેલ બેઠકો પરથી આદિજાતિ સ્ત્રી અનામત દૂર કરાઈ છે. તેના સ્થાને હવે કેળકુઈ અને કાનપુરા સીટને આદિજાતિ સ્ત્રી માટે અનામત જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત, ચાંપાવાડી બેઠક હવે 'કાનપુરા' તરીકે ઓળખાશે.

### બાઈક સ્લિપ થતાં મહિલાનું મોત

માંડવી: ગોદાવાડીના સ્ટેશન ફળિયામાં રહેતા ઈશ્વરભાઈ હળપતિ પોતાની બાઈક પર મનુબેન બુધીયાભાઈ હળપતિ (ઉ.વ. 49) તથા પરિવારનાં બાળકો અંશ (ઉ.વ. 5) અને વિધિ (ઉ.વ. 2) સાથે બૌધાન ગામ તરફ જઈ રહ્યાં હતાં. તા.27 ફેબ્રુઆરીના રોજ સવારે આશરે 10 વાગ્યાના અરસામાં રાજપૂતબોરી ગામની સીમમાં કીમ-માંડવી રોડ પર બાઈક અચાનક સ્લિપ થતાં ચારેય જણા રસ્તા પર પટકાયા હતા. આ બનાવમાં મનુબેન, ચાલક ઈશ્વરભાઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ત્યારબાદ વધુ સારવાર માટે સુરતની સ્મીમેર તથા નવી સિવિલમાં દાખલ કરાયાં હતાં. જ્યાં સારવાર દરમિયાન મનુબેનનું મોત નીપજ્યું હતું.

**મહે.કઠોરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા, મુ.કઠોર, તા.કામરેજ, જી.સુરત.**

દિવાની પરચુરણ (વારસા)અરજી નંબર - ૪/૨૦૨૬
અરજદારના વિ.વ.શ્રી.ડી.કે.પટેલ
આંક - ૦૬

અરજદાર : - દિપકકુમાર ધનસુખલાલ ઉર્ફે ધનજીભાઈ પટેલ

વિરુદ્ધ

સામાવાળા: - (૧) ચંપાબેન ધનજીભાઈ પટેલ ની દીકરી અને અનિલભાઈ પટેલની પત્ની
(૨) સોમાભાઈ ધનજીભાઈ પટેલ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનુ કે, ઉપરોકત વારસા અરજીના અજરદાર તરફથી મર્હુમ ધનજીભાઈ નાથુભાઈ પટેલ કે જેઓએ નીચે શીડયુલમાં દર્શાવેલ બેંક એકાઉન્ટ ધરાવતા હતા જે અંગેનુ વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાંખલ કરેલી છે.

શીડ્યુલ

| ક્રમ | સંસ્થાનુ નામ | પી.પી.ઓ નંબર | રકમ |
|---|---|---|---|
| 1 | શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી(બારડોલી સુગર) | ૧૨૨૮૪ આર.ઓ.સી | ૫૫૦૬૧/- |

સદર વારસા અરજીની સુનાવણી તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તો સદર અરજીની સામે જે કોઈ ઈસમને વાંધા-વિરોધ, લાગભાગ, હકક હીત, હીસ્સો કે દરદાવો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના વકીલ શ્રી મારફતે અત્રેની કોર્ટમા વાંધા સહીત અચુક હાજર રહેવુ. જોઈ કોઈ વ્યકતિ તરફથી વાંધા તકરાર ઉઠાવવામાં નહી આવે તો કોઈ વ્યક્તિને વાંધો નથી તેમ માનીને અરજદારને માંગ્યા મુજબનુ વારસા સર્ટીફીકેટ/લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન કાયદા અન્વયે આપવામાં આવશે જેની નોધ લેશો.

આજ તારીખ ૦૩ મી માહે માર્ચ સને ૨૦૨૬ મારી સહી તથા સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (આર.એ પરમાર) આસિસ્ટન્ટ, સિવિલ કોર્ટ, કઠોર
મુકાબલ કરનાર (કે.એ.વધાસીયા) બેંચ કલાર્ક, સિવિલ કોર્ટ, કઠોર
(કોર્ટનો સિકકો)
હુકમથી (ડી. કે. શાહ) રજીસ્ટ્રાર, સિવિલ કોર્ટ, કઠોર.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333